પૂર્વછાયો- સર્વે મળી હવે સાંભળો, અતિ વાત કહું અનૂપ ।
હરિ ઉપાસી જનને, છે સાંભળતાં સુખરૂપ ॥૧॥
ચર્ણે ચર્ણે ચરિત્ર ચવ્યાં, કૃષ્ણદેવનાં બહુ બહુ ।
અમૃતવત કથા એહ, સદમતિ સુણશે સહુ ॥૨॥
વચન છે ધર્મ દેવનાં, પુત્ર પ્રત્યે પરમાણ ।
શ્રવણ દઈ જે સાંભળે, તે પામે પદ નિરવાણ ॥૩॥
પછી ધર્મે સુત તેડાવિયા, દેવા શિખામણ સુખ કાજ ।
અંત સમે નિધિ આપવા, ઈચ્છ્યા આપે મહારાજ ॥૪॥

ચોપાઇ- પછી તેડાવિયા સુત દોય, આવી બેઠા વંદન કરી સોય ।
જ્યારે પુત્ર લાગ્યા આવી પાય, તેહ પ્રત્યે બોલ્યા ધર્મરાય ॥૫॥
હે પુત્ર તમે મારું વચન, હિતકારી છે માનજ્યો મન ।
કહું રહસ્ય તણી વાત એહ, ધરો હૃદયમાં કરી સ્નેહ ॥૬॥
મારા વચનમાંહિ પ્રતીત, હોય તો તમે ધારજ્યો ચિત ।
ત્યારે કર જોડી કહે બેઉ ભ્રાત, અમે માનશું કહો તમે તાત ॥૭॥
જે જે કહેશો આ સમે વચન, તે તે સત્ય માનવાં છે મન ।

ત્યારે ધર્મ કહે સુત શ્રેષ્ઠ, રાધાકૃષ્ણ જે આપણા ઈષ્ટ ॥૮॥
જેને ઉપાસું છું આહું જામ, તે જ કૃષ્ણ આ શ્રીહરિ નામ ।
મારા સુત ને તમારા ભાઈ, તે છે કૃષ્ણ માનો મનમાંઈ ॥૯॥
હરિરૂપ આ કૃષ્ણ સાક્ષાત, તેની ભક્તિ કરજ્યો બે ભ્રાત ।
રહેજ્યો એના વચનમાં નિત્ય, કરજ્યો સેવા કરી બહુ પ્રીત્ય ॥૧૦॥
વળી કૃષ્ણની પ્રતિમા જેહ, આપણે પૂજીએ છીએ તેહ ।
તે આ શ્રીહરિની નિશ્ચે બુઝજ્યો, એમ જાણી વિધિએ પૂજજ્યો ॥૧૧॥
વળી પ્રથમ તમને મેં પુત્ર, કહ્યા શ્રીકૃષ્ણના જે બે મંત્ર ।
અષ્ટાક્ષર મંત્ર પામ્યા આપ, તે પણ આના જાણી કરો જાપ ॥૧૨॥
અહિંસાદિક પાળજ્યો નિયમ, રહેજ્યો સ્વધર્મમાં કરી પ્રેમ ।
મારી એટલી આગન્યા ધારી, ભજજ્યો હરિ આ સુખકારી ॥૧૩॥
એમ વર્તશો તમે સુજાણ, થાશે તમારાં કોટિ કલ્યાણ ।
એમ વર્તજ્યો બેઉ ભ્રાત, સત્ય માની લેજ્યો મારી વાત ॥૧૪॥
વળી કૃષ્ણ જે આ અક્રુદ્ધ, શસ્ત્ર લઈ નહિ કરે યુદ્ધ ।
નિજબુદ્ધિએ કરી દયાળ, કરશે અસુર જનનો કાળ ॥૧૫॥
કળી અધર્મથી વધ્યા ઘણા, વેશ લઈ રહ્યા મનુષ્ય તણા ।
તે પૃથ્વીએ લોપાવી સ્વધર્મ, પાપી કરાવે છે જે કુકર્મ ॥૧૬॥
તે અધર્મ ટળાવશે સહુ, કૃષ્ણભક્તિ કરાવશે બહુ ।
કરશે અલૌકિક બહુ કાજ, પછી વિચારીને વર્ણિરાજ ॥૧૭॥
નિજ આચારજ પદ જેહ, સ્થાપશે તમારે કુળે તેહ ।
એમ કરી મોટાં મોટાં કામ, પછી પધારશે નિજ ધામ ॥૧૮॥
ત્યારે હરિઆશ્રિત જે જન, તેને ધીરજ નહિ રહે મન ।
બહુ બહુ કરશે તે શોક, કહેશે પ્રભુજી ગયા ગોલોક ॥૧૯॥
થાશે નિરાધાર ને નિરાશ, ત્યારે ઉરમાં વિચારી દાસ ।
પછી શ્રીહરિની જે પ્રતિમા, કરશે પૂજા ભાવ લાવી તેમાં ॥૨૦॥
વળી મર્યાદા બાંધશે તેહ, તેમાં જન રહેશે નિમે જેહ ।
એની મૂર્તિના જે પૂજનારા, એવા ભક્ત જગતથી ન્યારા ॥૨૧॥

તેહ ધર્મ અર્થ મોક્ષ કામ, પામે જાણો પુરુષ ને વામ ।
એમાં નથી સંદેહ લગાર, નિશ્ચે માનો કરી નિરધાર ॥૨૨॥
એવી તાતની સાંભળી વાત, ભાઈ બેઉ થયા રળિયાત ।
પછી લાગ્યા છે હરિને પાય, અમે તમારા છું વર્ણિરાય ॥૨૩॥
સર્વે કાળે કરો રક્ષા મારી, ત્યારે ભાઈ પ્રત્યે કહે મુરારી ।
તમે આદરે ભજો શ્રીકૃષ્ણ, તેણે કરી હું થાઈશ પ્રષ્ણ ॥૨૪॥
આપણે તાતે કરી આગન્યા, તમારે ન કરવું તે વિના ।
એવી સુણી બેઉ ભાઈએ વાણી, ભજ્યા શ્રીહરિને કૃષ્ણ જાણી ॥૨૫॥
પણ પ્રત્યક્ષ હરિનું ધ્યાન, રહ્યું હરિ ઈચ્છામાં નિદાન ।
કે'દિ થાય ને કે'દિ ન થાય, એવી રીતે વરતે સદાય ॥૨૬॥
એમ ધર્મે તેડી સુત બેને, કર્યો ઉપદેશ તેહ તેને ।
એકાદશી નિશિ રહેતાં જામ, જપે મંત્ર જેમાં શ્રીકૃષ્ણ નામ ॥૨૭॥
ત્યાં તો સૂર્ય તણું ઉદય થયું, ભાઈ સાંભળતાં નાથે કહ્યું ।
હે તાત જે અભીષ્ટ તમારે, હોય તે કહો કરવું મારે ॥૨૮॥
ત્યારે ધર્મ કહે સુણો હરિ, પૂર્ણકામ છઉં નિશ્ચે કરી ।
પણ શ્રીકૃષ્ણ ભક્તિની તૃપ્તિ, તેતો મારે મને નથી થાતી ॥૨૯॥
માટે દેહ પડ્યા સુધી ભક્તિ, કરવાને ઈચ્છું છું હું અતિ ।
થયું અશક્ત દેહ આ મારું, નથી થાતું તે પૂજન બારું ॥૩૦॥
માટે સાત દિવસમાં સુત, અર્થ સહિત સુણાવો ભાગવત ।
એવી સાંભળી તાતની વાણી, તેને મહારાજે બહુ વખાણી ॥૩૧॥
પછી મંડપ કર્યો સબુદ્ધ, તેડ્યો બ્રાહ્મણ વૈષ્ણવી શુદ્ધ ।
શ્રીમદ્‌ભાગવતનો ભણેલો, તેને તેડાવિયો ઘેર વહેલો ॥૩૨॥
યથા વિધિએ પૂજ્યા શ્રીકૃષ્ણ, કથા પ્રારંભી દ્વાદશી દિન ।
તે'દિ થકી ધર્મે તે વિચારી, હરિમૂર્તિમાં વૃત્તિ ધારી ॥૩૩॥
જેને સમીપ આવે જ મરવું, તેને ઘટીત છે એમ કરવું ।
કથા સાંભળી પામ્યા આનંદ, તેણે જ્વર પીડા પડી મંદ ॥૩૪॥
સુણે દિવસમાં કથા કાને, રહે રાત્રિમાં સમાધિ ધ્યાને ।

એમ થયા છો દિન તે વાર, થયું સાતમે દિને સવાર ॥૩૫॥
તિથિ ચોથ્ય ને શુકરવારે, સુણિ કથા સંપૂરણ તારે ।
કરી કથા તણી સમાપતિ, આપ્યાં બ્રાહ્મણને દાન અતિ ॥૩૬॥
વસ્ત્ર ભૂષણ દક્ષિણા દીધિ, કરી પૂજા પછી રૂડી વિધિ ।
પછી બ્રાહ્મણ વળાવ્યો ઘેર, વળતા વિપ્ર જમ્યા રૂડી પેર ॥૩૭॥
ત્યાંતો દિવસ ચડીયો પહોર, ધર્મ તને જવરે કર્યું જોર ।
ત્યારે ધર્મે સ્વજન તેડાવ્યાં, જોખનાદિક જમીને આવ્યા ॥૩૮॥
બેઠા સમીપે આવી સ્વજન, ત્યાંતો દીઠું છે શિથિલ તન ।
વિચારીને સુતે વાત લીધી, તેડી વિપ્ર ક્રિયા સર્વે કીધી ॥૩૯॥
ધર્મશાસ્ત્રો વિધિ કહ્યો જેહ, ઘટે તેમ કરાવિયો તેહ ।
વળી બ્રાહ્મણ તેડી હજારું, આપ્યું કાચું અન્ન ઘૃત સારું ॥૪૦॥
આપી ધેનુ તણાં દાન વળી, પછી બેઠા ધર્મ પાસે મળી ।
ચાલ્યો એકદંડો શ્વાસ જાણી, નવરાવ્યા તીરથને પાણી ॥૪૧॥
ગઉછાણે લીંપી ભૂમિ સાર, તે ઉપર બેસાર્યા તે વાર ।
પછી પાસળે હતાં જે જન, કરવા લાગ્યાં શ્રીકૃષ્ણ ભજન ॥૪૨॥
ધર્મ પોતે તો હરિને જોઈ, થયાં સ્થિર તેમાં દ્રગ દોઈ ।
અનન્ય ભાવ એવા ધર્મદેવ, તેણે તજ્યું તન તતખેવ ॥૪૩॥
એમ શ્રીકૃષ્ણને પરતાપે, છુટ્યા ઋષિના શાપથી આપે ।
પછી ભક્તિ આદિ દઈ જેહ, સર્વે સંબંધી કહેવાય તેહ ॥૪૪॥
પુત્રરૂપ હરિની સેવાયે, રહ્યા હરિ સમીપે સદાયે ।
પછી નાથ બંધવને કાવી, ક્રિયા તાતની સર્વે કરાવી ॥૪૫॥
ધર્મશાસ્ત્રમાં જે વિધિ કહ્યો, દાહાદિક તેમ પૂરો થયો ।
સર્વે સંબંધી ઘરનાં જન, શોકાતુર કરે છે રુદન ॥૪૬॥
કર્યા શ્રાદ્ધ તે તેરમા સુધી, જમાડ્યા બ્રાહ્મણ ભલી વિધિ ।
પછી શ્રવણી થઈ જાણી જન, લાવ્યા વસ્ત્ર ઘરેણાં ને ધન ॥૪૭॥
આપી રામપ્રતાપને તેહ, ગયાં સૌ સૌને ઘેર એહ ।
રામપ્રતાપ ને ઇચ્છારામ, જપે મંત્ર રટે કૃષ્ણનામ ॥૪૮॥

નિજભાઈમાં શ્રીકૃષ્ણભાવ, રાખે સદાય કરી ઉછાવ ।
હરિ પોતે અતિનિસપ્રેહ, જેને કોયશું નથી સનેહ ॥૪૯॥
પોતે રહ્યાતા ઘેર જે વાતે, થઈ પુરી તજ્યું તન તાતે ।
વળતો કર્યો છે બીજો વિચાર, કરવા અનેક જીવ ઉદ્ધાર ॥૫૦॥
કરી શ્રીહરિ એટલું કામ, ચાલ્યા ઘેર થકી ઘનશ્યામ ।
સંવત્ અઢાર ઓગણપચાસ, વર્તે વર્ષમાં આષાઢ માસ ॥૫૧॥
શુદી દશમી શુકરવાર, તેદિ પ્રભુજી થયા તૈયાર ।
પ્રાતઃકાળે ચાલ્યા નાવા મિષે, ત્યાંથી શુદ્ધ ઉત્તરની દિશે ॥૫૨॥
ઘરપરથી ઉતર્યું મન, વહાલું લાગે છે વસવું વન ।
એક કોપીન ને આચ્છાદન, તે વિના બીજું નથી વસન ॥૫૩॥
મૃગછાળા ને તુલસી માળ, ઉર્ધ્વપુંડ્ર ચિહ્ન છે વિશાળ ।
જટામુકુટ મંડિત માથે, લીધો પલાશનો દંડ હાથે ॥૫૪॥
ચારે શાસ્ત્રતણું જેહ સાર, તેનું પુસ્તક ખભા મોઝાર ।
મુંજી મેખળા કમંડળું કર, પાસે ભિક્ષાનું પાત્ર સુંદર ॥૫૫॥
બાળમુકુંદ ને શાળગ્રામ, બાંધ્યો કંઠે બટવો તે શ્યામ ।
એવા થકા સરજૂને તીર, આવ્યા ઉતરવા નદી નીર ॥૫૬॥
વળી જુવે છે વાણની વાટ, તર્ત નદી ઉતરવા માટ ।
બિયે મનુષ્ય આવતાં ભાળી, જાણે રખે જાય પાછા વાળી ॥૫૭॥
એવે સમે આવ્યો છે અસુર, જાણ્યું મળીયો વૈરી જરૂર ।
તેણે ગડથલાવી ગળે ઝાલી, નાખી પુરમાં નિસર્યો ચાલી ॥૫૮॥
જળ અગાધ અથાહ વહે, જે પડે તે જીવતો ન રહે ।
મોટા મઘર મત્સ્ય છે જેમાં, જળઘોડા કાત્રણિયો તેમાં ॥૫૯॥
જળસાપ ને કચલા કઈ, મઘરિયો રહી દોટું દઈ ।
જેમાં ઝુડ્યું જળોયું ચિતળ્યું, મેલે નહિ નાનું મોટું મળ્યું ॥૬૦॥
એવા જળજંતુ દુઃખકારી, વહે નીર ભયંકર ભારી ।
ઉઠે લેર્યો ભમરિયો વળે, માંહિ લોઢ મોટા તે ઉછળે ॥૬૧॥
ચાલે પ્રચંડ વેગમાં પૂર, તેમાં નાખીને ચાલ્યો અસુર ।

દીઠા દૂરલગિ તો તણાણા, પછી દુષ્ટને નેવ દેખાણા ॥૬૨॥
ત્યારે પાપીએ એમ પ્રમાણ્યું, મુવો વૈરી નિશ્ચે મન જાણ્યું ।
પછી દૈત્ય ગયો નિજધામ, કહે કરી આવ્યો મોટું કામ ॥૬૩॥
વૈરી માર્યો કહી એવી વાત, ત્યારે અસુર થયા રળિયાત ।
હવે હરિ પડ્યા છે જે પૂરે, તેતો નિસર્યા જઈ દૂરે ॥૬૪॥
ત્રણ પહોર રહ્યા જળમાંઈ, બાર ગાઉ નિસર્યા તણાઈ ।
પૂજા પુસ્તક પાસળે રહ્યું, બીજું સરવે તણાઈ ગયું ॥૬૫॥
એમ નિસરિયા જ્યારે નાથ, ચાલ્યા એકલા નહિ બીજું સાથ ।
લીધી કાળા પર્વતની વાટ, સૌને વિસારીને વરણિરાટ ॥૬૬॥
પડી સાંજ ને આથમ્યો દિન, આવ્યું ઘોર વિકટ ત્યાં વન ।
રહ્યા રાત્ય તે વન મોઝાર, નથી મનમાં બીક લગાર ॥૬૭॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે ધર્મદેહ ત્યાગને
શ્રીહરિ ઘેરથી નિસર્યા એ નામે છવિસમું પ્રકરણમ્ ॥૨૬॥